**ખાસ અંગતલક્ષ**

**તાત્કાલિક**

**ઈ-મેલ મારફતે**

**ક્રમાંક : ધ/માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૯/૨૩૮૮૩-૯૨૨**
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
**તારીખ: ૨૨/૦૮/૨૦૧૯**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા : તમામ**
**ગુજરાત રાજ્ય.**

**વિષય : સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.**

**સંદર્ભ :** ૧. આ કચેરીના તા.૨૯/૦૭/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૧૫૨૩-૫૬.
૨. આ કચેરીના તા.૦૭/૦૮/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૨૬૧૦-૪૬.
૩. આ કચેરીના તા.૦૮/૦૮/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૯/૨૨૯૩૦-૩૩.
૪. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૭/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૧૫૮/ર.

**શ્રીમાન/શ્રીમતિ,**

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર-૩ થી રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો/શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા સત્વરે સમયમાં હાથ ધરવાની હોઈ હાલ સબબ **(તા.૧૬/૦૮/૨૦૧૯ અંતિત) ખાલી જગ્યાઓ હોય તેવી શાળાઓના** રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા માટેના જિલ્લા કક્ષાના કેમ્પ તા.૨૧/૦૮/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે.

જિલ્લા કક્ષાએ રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થયા બાદ શિક્ષણ વિભાગ તથા સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગ કક્ષાએ રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા રાજ્ય કક્ષાના કેમ્પનુ આયોજન કરવા **તા.૨૬/૦૮/૨૦૧૯ થી એસ.ટી.ટી.આઈ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે** કરવામાં આવેલ છે.(વિગતવાર સૂચિત કાર્યક્રમ આ સાથે સામેલ છે)

સૂચિત કાર્યક્રમમાં આપને ફાળવેલ તારીખ અને સમયે ઉક્ત સૂચવેલ શાળાઓના રોસ્ટર રજીસ્ટરોને **તા.૦૮/૦૮/૨૦૧૯ ના રોજ આયોજીત રોસ્ટરના માર્ગદર્શક ચર્ચામાં આપેલ સૂચનાઓ તથા ઝોનના માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા આયોજીત કેમ્પની સૂચનાઓને ધ્યાને લઈ** જિલ્લા કક્ષાએથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલા રોસ્ટર રજીસ્ટરો તથા સંબંધિત તમામ વિગતો/આનુષાંગિક આધારો સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

<u>રોસ્ટર પ્રમાણિત કેમ્પ અન્વયે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે</u> :

1. જે-તે જિલ્લા માટે **ફાળવેલ સમયગાળા દરમ્યાન સંબંધિત જિલ્લાના હાલ સબબ ખાલી જગ્યા ધરાવતી તમામ શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થઈ જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સદર કેમ્પ પૂર્ણ થયેથી આ અન્વયે કોઈ શાળા દ્વારા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાના બાકી હોવા અંગેની રજુઆત કરવામાં આવશે તો તેની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે.**
2. તમામ જિલ્લાઓને ઝોન કક્ષાની તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ આયોજીત ઝોન કક્ષાના તાલીમ દરમિયાન ઝોનલ અધિકારીશ્રી તથા માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓનું સરળ સ્પષ્ટીકરણ અર્થે શિક્ષણ વિભાગના પરામર્શમાં તૈયાર થયેલ Power point Presentation(PPT) પણ આપવામાં આવેલ છે. જેની નકલ પુનઃ આ સાથે સામેલ રાખી આપના રજીસ્ટર્ડ ઈ-મેલ પર મોકલી આપવામાં આવે છે. જેનો ગહન અભ્યાસ કરી, આ સૂચનાઓ અન્વયે આપના જિલ્લાની શાળાઓના રોસ્ટર રજીસ્ટર તૈયાર થયેલ છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
3. તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ ઝોન કક્ષાએ આયોજીત માર્ગદર્શક કેમ્પમાં ઉપસ્થિત રહેલ સંબંધિત જિલ્લાના તમામ ચાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને, જિલ્લાને ફાળવેલ સૂચિત તારીખ તથા સમયે, રાજ્ય કક્ષાના કેમ્પમાં અચૂક હાજર રહેવાનું રહેશે.
4. અત્રે ખાસ નોંધ લેવી કે, આ કેમ્પમાં શાળાઓના આચાર્યશ્રી/કર્મચારીશ્રીઓને સાથે લાવવાના **રહેશે નહિં.**
5. સૂચિત કાર્યક્રમ મુજબ જ્યાં સુધી જે-તે ઝોનમાં સમાવિષ્ટ તમામ જિલ્લાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની કરાવવાની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી જે-તે ઝોનના સંબંધિત તમામ માસ્ટર ટ્રેઈનર્સે રાજ્ય કક્ષાના કેમ્પમાં ઉપસ્થિત રહેશે તથા





Scanned by CamScanner

તેઓના ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓના રોસ્ટર શિક્ષણ વિભાગ તથા સામાજીક અને ન્યાય અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ સમક્ષ રજુ કરતા પૂર્વે તેની યોગ્યતા સુનિશ્ચિત કરી લેવાની રહેશે.

6. રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થયા બાદ આ કેમ્પમાં જિલ્લાના રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થયા બાદ પ્રમાણિત થયેલ તમામ રોસ્ટરોની તારીજો અને પત્રકોની કુલ ત્રણ નકલ દિન-૦૫ માં અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાની રહેશે.

**નીચેની વિગતો/આધારો સાથે લાવવાની રહેશે :**

1. સામાન્ય વહીવટ વિભાગના **તા.૨૫/૦૬/૨૦૧૯ ના ઠરાવથી નવા નિયત થયેલ આપના જિલ્લાના રોસ્ટર ક્રમાંકોની** સુવાચ્ય **ત્રણ નકલો** સાથે લાવવાની રહેશે.
2. રોસ્ટર રજીસ્ટર સાથે **નવા નિયત થયેલા** આધારો જેવા કે તારીજ, પત્રકો (ક, ખ, ગ, વિગેરે) વિગેરે સચોટ, સ્પષ્ટ અને સંપૂર્ણ વિગતો ભરી, સહી-સિક્કા સાથે અચૂક સાથે લાવવાના રહેશે. (નિયત નવા પત્રકો તથા તારીજોની દસ-બાર કોરી નકલો સાથે લાવે તે વધુ ઈચ્છનીય છે)

ઉક્ત તમામ સૂચનાઓ તથા સાથે માંગેલ વિગતોનો આપની કક્ષાએથી અભ્યાસ કરી અંગત રસ લઈ, તમામ વિગતો-સહ આપની કચેરીના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને રૂબરૂ ઉક્ત દર્શિત સ્થળે હાજર રાખવા જણાવવામાં આવે છે. જેથી રોસ્ટર પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરી આગામી આનુષાંગિક પ્રક્રિયા હાથ ધરી શકાય.

(એચ.એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગાંધીનગર.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :-**

- ઉપસચિવશ્રી, રોસ્ટર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, મહેકમ શાખા, સદર કચેરી.
- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, સદર કચેરી.



Scanned by CamScanner

## તા.૨૬/૦૮/૨૦૧૯ થી રોસ્ટર રજીસ્ટરોને પ્રમાણિત કરવા અંગેના રાજ્ય કક્ષાના કેમ્પનું સૂચિત કાર્યક્રમ

| ક્રમ | ઝોન | જિલ્લાનું નામ | ફાળવેલ તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ગાંધીનગર | ૨૬/૦૮/૨૦૧૯ |
| ૨ | | અમદાવાદ ગ્રામ્ય | ૨૭/૦૮/૨૦૧૯ |
| ૩ | | પાટણ અને અમદાવાદ શહેર | ૨૮/૦૮/૨૦૧૯ |
| ૪ | | સુરેન્દ્રનગર | ૨૯/૦૮/૨૦૧૯ |
| ૫ | | અરવલ્લી | ૩૦/૦૮/૨૦૧૯ |
| ૬ | | સાબરકાંઠા | ૩૧/૦૮/૨૦૧૯ |
| ૭ | | મહેસાણા | ૦૩/૦૯/૨૦૧૯ |
| ૮ | | કચ્છ અને બોટાદ | ૦૪/૦૯/૨૦૧૯ |
| ૯ | સૌરાષ્ટ્ર ઝોન | રાજકોટ અને મોરબી | ૦૫/૦૯/૨૦૧૯ |
| ૧૦ | | જામનગર અને દેવભુમિ દ્વારકા | ૦૬/૦૯/૨૦૧૯ |
| ૧૧ | | ભાવનગર અને પોરબંદર | ૦૭/૦૯/૨૦૧૯ |
| ૧૨ | | અમરેલી અને ગીર સોમનાથ | ૦૯/૦૯/૨૦૧૯ |
| ૧૩ | | જૂનાગઢ | ૧૦/૦૯/૨૦૧૯ |
| ૧૪ | મધ્ય ઝોન | ખેડા | ૧૨/૦૯/૨૦૧૯ |
| ૧૫ | | ખેડા અને છોટાઉદેપુર અને મહિસાગર | ૧૩/૦૯/૨૦૧૯ |
| ૧૬ | | મહિસાગર અને વડોદરા | ૧૬/૦૯/૨૦૧૯ |
| ૧૭ | | પંચમહાલ | ૧૭/૦૯/૨૦૧૯ |
| ૧૮ | | પંચમહાલ | ૧૮/૦૯/૨૦૧૯ |
| ૧૯ | | આણંદ | ૧૯/૦૯/૨૦૧૯ |
| ૨૦ | | આણંદ અને દાહોદ | ૨૦/૦૯/૨૦૧૯ |
| ૨૧ | | દાહોદ | ૨૧/૦૯/૨૦૧૯ |
| ૨૨ | દક્ષિણ ઝોન | સુરત અને ડાંગ | ૨૩/૦૯/૨૦૧૯ |
| ૨૩ | | વલસાડ અને નર્મદા | ૨૪/૦૯/૨૦૧૯ |
| ૨૪ | | ભરૂચ અને તાપી | ૨૫/૦૯/૨૦૧૯ |
| ૨૫ | | નવસારી | ૨૬/૦૯/૨૦૧૯ |

**નોધ : તમામ જિલ્લાઓએ ફાળવેલ તારીખે સવારે ૦૯:૩૦ કલાકે એસ.ટી.ટી.આઈ. કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ઉપસ્થિત થવાનું રહેશે.**

Scanned by CamScanner